# श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी, वेरावल

## ડિપ્લોમા અભ્યાસક્રમના સામાન્ય નિયમો
## (શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ થી અમલમાં)

---

### (૧) પ્રવેશ લાયકાત :–

૧.૧ ડિપ્લોમા (પદવીકા) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થી ધોરણ–૧૨ પાસ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોવી જરૂરી છે.

૧.૨ ધોરણ–૧૨ની માર્કશીટની નકલ સ્પષ્ટ વંચાય તે સ્વરૂપમાં જોડવાની રહેશે.

૧.૩ જો માર્કશીટ ખોવાઈ ગયેલ હશે તેવા સંજોગોમાં સોગંદનામુ આધાર તરીકે માન્ય રહેશે નહીં. ડુપ્લીકેટ માર્કશીટની નકલ ફોર્મ સાથે જોડવી ફરજિયાત રહેશે.

૧.૪ વેબસાઈટ પરનાં પરિણામનાં નોટિફિકેશન પ્રિન્ટ માન્ય રહેશે નહીં. કોઈપણ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે માર્કશીટ આધાર છે જેથી અન્ય કોઈ પ્રમાણપત્ર પ્રવેશ લાયકાત તરીકે માન્ય રહેશે નહીં.

૧.૫ ધોરણ–૧૨ પછી અન્ય કોઈ અભ્યાસ કરેલ હોઈ તેવા સંજોગોમાં પણ ધોરણ–૧૨ની માર્કશીટની નકલ જોડવી ફરજિયાત રહેશે.

૧.૬ ધોરણ ૧૨ સિવાય અન્ય સમકક્ષ અભ્યાસક્રમ કરેલ હશે તો સંબંધિત બોર્ડ/યુનિવર્સિટી પાસેથી સમકક્ષતાનું પ્રમાણપત્ર જોડવું આવશ્યક રહેશે.

૧.૭ ઓલ્ડ એસ.એસ.સી.ધોરણ–૧૨ સમકક્ષ ન હોવાથી માન્ય રહેશે નહીં.

### (૨) વિષયો :–

૨.૧ તમામ ડિપ્લોમા અભ્યાસક્રમમાં ત્રણ પેપર ફરજિયાત રાખવામાં આવેલ છે. કોઈ મુખ્ય કે ગૌણ પેપર નથી.

### (૩) ફી :–

૩.૧ ડિપ્લોમા અભ્યાસક્રમમાં કેન્દ્રોએ વિદ્યાર્થી પાસેથી અભ્યાસક્રમનું અધ્યયન કરાવવા માટે ટયુશન ફી પેટે રૂ.૩૦૦૦/– ફી લેવાની રહેશે, તેમજ વિદ્યાર્થીએ પ્રવેશ/એનરોલમેન્ટ ફી રૂ.૧૦૦/– તથા પરીક્ષાની ફી રૂ.૫૦૦/– પરીક્ષા ફોર્મ સાથે યુનિવર્સિટીમાં જમા કરાવવા માટે કેન્દ્રમાં જમા કરાવવાની રહેશે. આમ સંસ્થાએ વિદ્યાર્થી પાસેથી કુલ રૂ.૩૬૦૦/– ફી લેવાની રહેશે. આ ફી થી વધુ ફી લઈ શકશે નહીં.

૩.૨ ડિપ્લોમા અભ્યાસક્રમમાં યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ ફીથી વધુ ફી લઈ શકાશે નહી.

૩.૩ સંસ્થાએ વિદ્યાર્થીઓને ફી ભર્યાની પહોંચ ફરજિયાત આપવાની રહેશે.

૩.૪ અભ્યાસકેન્દ્રોએ યુનિવર્સિટીએ નિયત કરેલી વિદ્યાર્થી દીઠ પ્રવેશ રૂા.૧૦૦/- એનરોલમેન્ટ ફોર્મ મોકલતી વખતે તેમજ પરીક્ષા ફી રૂા.૫૦૦/- પરીક્ષા ફોર્મ મોકલતી વખતે યુનિવર્સિટીમાં ઓનલાઈન માધ્યમથી ભરવાની રહેશે. જે અંગેની લીંક યુનિવર્સિટીની વેબસાઈટ પર આપવામાં આવેલ છે. કેન્દ્રોએ ફી ભર્યા બાદ ફીની રિસીપ્ટની પ્રિન્ટ આઉટની નકલ ફોર્મ સાથે યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

૩.૫ નિયમાનુસાર જો પ્રવેશ રદ થાય તો આવા કિસ્સામાં પ્રવેશ ફી પરત મળવા પાત્ર રહેશે નહીં.

## (૪) ઈન્ટેક :-

૪.૧ ડિપ્લોમા અભ્યાસક્રમમાં એક વર્ગ દીઠ મહત્તમ ૭૫ વિદ્યાર્થીઓની સંખ્યા નિયત કરવામાં આવેલ છે. આથી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે યુનિવર્સિટી પાસેથી વધુ એક વર્ગ વધારાની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. અને મંજૂરી મળ્યા બાદ પ્રવેશ આપી શકાશે.

૪.૨ કોઈપણ એક ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલુ કરવા માટે અથવા ચાલુ રાખવા માટે ઓછામાં ઓછા સાત(૦૭) કે તેથી વધુ વિદ્યાર્થીઓનાં પ્રવેશ થયેલા હશે તો જે તે ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલુ રાખી શકાશે.

૪.૩ નિયત કરેલ ઈન્ટેક કરતા વધુ પ્રવેશ ફોર્મ પ્રાપ્ત થાય ત્યારે મેરીટ યાદી પ્રસિધ્ધ કરી મેરીટનાં ધોરણે પ્રવેશ આપવાનો રહેશે.

૪.૪ મેરીટ યાદીમાં સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ અનામત નિતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

## (૫) ઉંમર મર્યાદા :-

૫.૧ ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ માટે કોઈ મહત્તમ વય મર્યાદા નથી.

૫.૨ ડિપ્લોમા ઈન યોગ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીની ઉંમર ૫૦ વર્ષ કે તેથી વધુ હોય તો તેમણે " ફિઝીકલ ફિટનેશ " મેડીકલ પ્રમાણપત્ર જમા કરાવવાનું રહેશે.

## (૬) પાસીંગ ધોરણ અને હાજરી :-

૬.૧ ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પેપર દીઠ કુલ ગુણ ૧૦૦ માંથી પાસ થવા માટે ૪૦ % ગુણ મેળવવાનાં રહેશે. જેમાં ૭૦ ગુણની થીયરીમાંથી ૨૮ ગુણ તેમજ ૩૦ ગુણનાં ઈન્ટરનલ/એસાઈમેન્ટમાંથી ૧૨ ગુણ મેળવવાનાં રહેશે.

૬.૨ ડિપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષા વાર્ષિક પધ્ધતિથી આપવાની રહેશે. અને તેનાં માટે એનરોલમેન્ટ ફોર્મ તેમજ પરીક્ષા ફોર્મ ભરેલ હોવું આવશ્યક રહેશે.

૬.૩ ડિપ્લોમા અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીનાં નિયમાનુસાર દરેક પેપર દીઠ ૪૫ કલાક અધ્યાપન કરેલ હોવું ફરજિયાત રહેશે, અને વાર્ષિક કુલ હાજરીમાંથી ૭૦ % હાજરી હોવી જરૂરી છે. અન્યથા પરીક્ષા ફોર્મ ભરી શકાશે નહીં.

૬.૪ અનિવાર્ય સંજોગોમાં કે માંદગીનાં કિસ્સામાં પ્રધાનાચાર્યશ્રી ૧૦ % સુધી હાજરી આપી શકશે.

## (૭) માધ્યમ :-

૭.૧ ડિપ્લોમા અભ્યાસક્રમમાં અધ્યાપન તથા ઉત્તરની ભાષાનું માધ્યમ ગુજરાતી, હિન્દી, સંસ્કૃત પૈકી કોઈપણ એક રહેશે. જયારે પ્રશ્નપત્ર ગુજરાતી અને હિન્દી બે ભાષામાં રહેશે.

## (૮) અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો મહત્તમ સમયગાળો :–

૮.૧ ડિપ્લોમા અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો મહત્તમ સમયગાળો પ્રવેશ ફોર્મ ભર્યેથી ૧ + ૨ વર્ષ (કુલ –૦૩ વર્ષ) નો રહેશે.

૮.૨ મહત્તમ સમયગાળો પૂર્ણ થયા બાદ જો વિદ્યાર્થીએ પરીક્ષા પાસ કરેલ ના હોઈ તો નિયમાનુસાર પુનઃ નોંધણી કરવાની રહેશે.

૮.૩ એક જ વર્ષમાં એક જ ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મળવાપાત્ર થશે. જો વિદ્યાર્થી અગાઉના વર્ષમાં ડિપ્લોમા અભ્યાસક્રમમાં રીપીટર વિષયો પાસ થયા બાદ જ અન્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે.

## (૯) પ્રવેશ ફોર્મ અંગેની અગત્યની સૂચનાઓ :–

૯.૧ જે અભ્યાસકેન્દ્રમાંથી વિદ્યાર્થીએ પ્રવેશ ફોર્મ ભરેલ છે ત્યાંથી જ પરીક્ષા ફોર્મ ભરવાનું રહેશે. નાપાસ થયેલ કે પરીક્ષા ના આપેલ વિદ્યાર્થી અભ્યાસકેન્દ્ર બદલી શકશે નહી.

૯.૨ જુનો પ્રવેશ રદ કર્યા સિવાય નવું પ્રવેશ ફોર્મ ભરી શકાશે નહી. તથા પ્રવેશ ફોર્મ ભર્યા સિવાય પરીક્ષા ફોર્મ ભરી શકાશે નહીં.

૯.૩ પ્રવેશાર્થીનાં આવેદનપત્રો કેન્દ્ર/મહાવિદ્યાલય/કોલેજ/ભવનનાં અધ્યક્ષ/પ્રધાનાચાર્ય/આચાર્ય/કેન્દ્ર સંયોજકએ ઓનલાઈન ભરાયેલા તમામ ફોર્મસ યુનિવર્સિટીને નિયત કરેલ સમય મર્યાદામાં જમા કરાવવાનાં રહેશે. કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થી તરફથી આવેલ સીધા પ્રવેશ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં અને પ્રવેશ અંગે વિદ્યાર્થીએ અત્રે કરેલ સીધો પત્ર વ્યવહાર માન્ય રહેશે નહીં.

૯.૪ કેન્દ્ર/મહાવિદ્યાલય/કોલેજ/ભવન તરફથી અધુરી વિગત ભરેલા પ્રવેશપત્રો કે નિયત લાયકાતનાં પ્રમાણપત્રો કે અન્ય આધાર પુરાવા જોડયા વગરનાં ફોર્મસ રદ કરવામાં આવશે.

૯.૫ વિદ્યાર્થીનું નામ ધોરણ–૧૨ની માર્કશીટ મુજબ રહેશે. નામ સુધારા માટે રાજય સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ગેઝેટ માન્ય રહેશે. લગ્ન નોંધણી પ્રમાણપત્ર કે સોંગદનામું માન્ય રહેશે નહીં.

૯.૬ વિદ્યાર્થીઓને ઓળખકાર્ડ જે તે અભ્યાસકેન્દ્રએ ઈસ્યુ કરવાનાં રહેશે.

૯.૭ અભ્યાસકેન્દ્રોને યુનિવર્સિટી દ્વારા જે અભ્યાસક્રમ ચલાવવાની માન્યતા આપવામાં આવેલ છે તે જ અભ્યાસક્રમમાં પ્રવેશ ફોર્મ ભરવાનાં રહેશે. માન્યતા સિવાયનાં અભ્યાસક્રમો ચલાવી શકાશે નહીં.

૯.૮ યુનિવર્સિટીનાં વખતો વખતનાં નિયમો જે તે અભ્યાસકેન્દ્રો/વિદ્યાર્થીઓને બંધનકર્તા રહેશે.

૯.૯ યુનિવર્સિટીએ નિયત કરેલ પરીક્ષા કેન્દ્ર પર જ વિદ્યાર્થી પરીક્ષા આપી શકશે.

૯.૧૦ ડિપ્લોમા અભ્યાસક્રમ સાથે વિદ્યાર્થી અન્ય કોઈ એક અભ્યાસક્રમ કરી શકશે. અથવા નોકરી કરતા હોય તો પણ ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે. પરંતુ સંબંધિત સંસ્થાનું એન.ઓ.સી.જોડવાનું રહેશે.

૯.૧૧ એક વર્ષમાં એક જ ડિપ્લોમાં કરી શકાશે અગાઉના ડિપ્લોમા અભ્યાસક્રમમાં નાપાસ થયેલ વિષયોમાં પાસ થયા બાદ જ અન્ય ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકાશે.

## (૧૦) અધ્યયન કરાવતા અધ્યાપકશ્રીઓની લાયકાત :–

૧૦.૧ ડિપ્લોમા ઈન યોગ :–એમ.એ.યોગ(૫૫ %) સાથે અથવા એમ.એ.કોઈ પણ વિષયમાં સાથે ડિપ્લોમા ઈન યોગ કરેલ હોવા જોઈએ.

૧૦.૨ ડિપ્લોમા ઈન મંદિર વ્યવસ્થાપન :–આચાર્ય/એમ.એ. સંસ્કૃત વિષય સાથે (૫૫ %), કમ્પ્યુટર વિષય માટે બી.સી.એ., અંગ્રેજી વિષય માટે એમ.એ. અંગ્રેજી(૫૫ %) મેનેજમેન્ટ માટે કોમર્સ સાથે અનુસ્નાતક(૫૫ %), કાયદાનાં વિષય માટે એલ.એલ.બી. હોવા જોઈએ.

૧૦. ૩ ડિપ્લોમા ઈન જયોતિષ/વાસ્તુશાસ્ત્ર/કર્મકાંડ :–જે તે વિષય સાથે આચાર્ય (૫૫%) કરેલ હોવા જોઈએ. અથવા આચાર્ય/એમ.એ.(સંસ્કૃત) વિષય (૫૫ % ) સાથે જે તે વિષયમાં ડિપ્લોમા કરેલા હોવા જોઈએ.

૧૦. ૪ ડિપ્લોમા સંસ્કૃત સંભાષણ :– આચાર્ય/એમ.એ.(સંસ્કૃત) વિષય (૫૫ % ) સાથે તેમજ શિક્ષાશાસ્ત્રી અથવા સંસ્કૃત મેથડ સાથે બી.એડ્. કરેલ હોવા જોઈએ.

૧૦. ૫ ડિપ્લોમા ઈન વૈદિક ગણિત :– કોઈપણ વિષયમાં સ્નાતક/અનુસ્નાતક હોવા જોઈએ તેમજ વૈદિક ગણિતની કાર્યશાળા કરેલ હોય અથવા તે વિષયનું પ્રશિક્ષણ મેળવેલ હોવુ જોઈએ.

૧૦. ૬ ડિપ્લોમા ઈન વલ્લભ વેદાંત :– જે તે વિષય સાથે આચાર્ય (૫૫%) કરેલ હોવા જોઈએ. અથવા આચાર્ય/એમ.એ.(સંસ્કૃત) વિષય (૫૫%) સાથે જે તે વિષયનું ઉંડાણપૂર્વકનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. અથવા સંબંધિત વિષયમાં ડિપ્લોમા અભ્યાસક્રમ કરેલા હોવા જોઈએ.

૧૦. ૭ ડિપ્લોમા ઈન સંગીત :– બેચલર/માસ્ટર ઈન મ્યુઝીક અથવા સંગીત અલંકાર/સંગીત વિશારદની પદવી હોવી જોઈએ.

૧૦. ૮ ડિપ્લોમા ઈન રંગમંચ :– બેચલર/માસ્ટર ઈન નાટ્યશાસ્ત્ર અથવા નાટ્ય અલંકાર/ વિશારદની પદવી હોવી જોઈએ.

૧૦. ૯ ડિપ્લોમા ઈન સંસ્કૃત લેંગ્વેજ :– આચાર્ય/એમ.એ.(સંસ્કૃત) વિષય (૫૫ % ) સાથે તેમજ શિક્ષાશાસ્ત્રી અથવા સંસ્કૃત મેથડ સાથે બી.એડ્. કરેલ હોવા જોઈએ.

૧૦. ૧૦ ડિપ્લોમા ઈન પાંડુલીપી :– શાસ્ત્રી/આચાર્ય અથવા એમ.એ.(સંસ્કૃત) વિષય (૫૫ %) સાથે તેમજ પાંડુલીપી મિશન દ્વારા અપાયેલ ૧૫ દિવસની તાલીમ લીધેલ હોવા જોઈએ.

## (૧૧) અધ્યયન કરાવતા અધ્યાપકશ્રીઓને માનદ્વેતન :–

૧૧. ૧ જો કોઈ સંસ્થા બહારથી મુલાકાતી અધ્યાપકશ્રીઓને બોલાવે અથવા તો પોતાની સંસ્થામાંથી જ અધ્યાપકશ્રીઓ વ્યાખ્યાન લે તો તેવા અધ્યાપકશ્રીઓને એક વ્યાખ્યાન દીઠ રૂ.૨૫૦/–માનદ્ પુરસ્કાર આપવો. પુરસ્કાર આપવા અંગે જે તે સંસ્થા/અભ્યાસકેન્દ્ર પોતાનાં અધ્યાપકશ્રીઓ પાસેથી વર્કલોડનાં રૂપમાં કામ કરાવે તો તેમને પુરસ્કાર આપવો કે કેમ તે સંસ્થાનાં વડા નકકી કરશે.

## (૧૨) પરીક્ષા પધ્ધતિનું માળખું :–

૧૨. ૧ ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રશ્નપત્રનું પ્રારૂપ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે જે મુજબ તમામ અભ્યાસક્રમો માટે સમાન પ્રારૂપ રહેશે.

તારીખ :–૨૪/૦૯/૨૦૨૦

સ્થળ :–વેરાવળ

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવલ

## –: ડિસ્ટન્સ મોડથી પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટેની અગત્યની સૂચનાઓ :–

## (શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ થી અમલમાં)

---

ઉપર બનાવેલા નિયમોમાંથી નીચેનાં નિયમો ડિસ્ટન્સ મોડથી પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને લાગુ પડશે નહી.

(૧) ડિસ્ટન્સ મોડથી પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને ૭૦ % હાજરી તથા ૪૫ કલાક અધ્યયનાં નિયમ લાગુ પડશે નહી.

(૨) ડિસ્ટન્સ મોડથી પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ પ્રવેશ અને પરીક્ષા ફોર્મ તથા તેની ફી ઓનલાઈન માધ્યમથી યુનિવર્સિટીની વેબસાઈટ પરથી ભરવાની રહેશે.

(૩) ડિસ્ટન્સ મોડથી પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મ ભરતી વખતે ઓનલાઈન માધ્યમથી રૂા.૩૧૦૦/–જેમા(૩૦૦૦/– અભ્યાસક્રમ ફી તથા રૂા.૧૦૦/–પ્રવેશ/એનરોલમેન્ટ ફી) ભરવાની રહેશે. જયારે પરીક્ષા સમયે પરીક્ષા ફોર્મ ભરતી વખતે પરીક્ષા ફી રૂા.૫૦૦/–ઓનલાઈન માધ્યમની ભરવાની રહેશે.

(૪) ડિસ્ટન્સ મોડથી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તરફથી સોફ્ટ કોપીમાં સ્ટડી મટીરીયલ પુરુ પાડવામાં આવશે. તેમજ જે તે વિષયનું માર્ગદર્શન આપવા માટે ઓનલાઈન માધ્યમથી ૯ (નવ) વ્યાખ્યાન લેવામાં આવશે.

(૫) ડિસ્ટન્સ મોડમાં નિયત કરેલ લાયકાત ધરાવતા કોઈપણ વિદ્યાર્થી કોઈ પણ અભ્યાસક્રમની સાથે અથવા ચાલુ નોકરીની સાથે પ્રવેશ મેળવી શકશે. એક સમયે એક ડિપ્લોમા અભ્યાસક્રમ જ કરી શકાશે. નોકરી કરતા વિદ્યાર્થીએ સંબંધિત સંસ્થાનું એન.ઓ.સી.જોડવાનું રહેશે.

(૬) ડિસ્ટન્સ મોડથી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ યુનિવર્સિટીએ નિયત કરેલ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપવાની રહેશે. પરીક્ષા કેન્દ્ર ગુજરાત રાજયમાંજ રહેશે.

(૭) ડિસ્ટન્સ મોડથી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ દરેક પેપર દીઠ ૭૦ ગુણની થીયરીની પરીક્ષા લેખિતમાં આપવાની રહેશે.

(૮) ડિસ્ટન્સ મોડથી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ દરેક પેપર દીઠ એક ૩૦ગુણનાં સ્વાધ્યાય કાર્ય નિયમાનુસાર યુનિવર્સિટીમાં જમા કરાવવાનાં રહેશે. સ્વાધ્યાય કાર્ય જે તે સમયે યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવશે.

(૯) ડિસ્ટન્સ મોડથી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનું પાસીંગ ધોરણ રેગ્યુલર મોડ જેમ જ ૪૦ % રહેશે.

(૧૦) જો સ્વાધ્યાય કાર્યમાં નિયત ગુણ(૧૨)મેળવેલ નહી હોય તો નવુ સ્વાધ્યાય કાર્ય લખવું પડશે. એક સ્વાધ્યાય કાર્યની ફી રૂા.૧૦૦/– રહેશે. ફી તથા સ્વાધ્યાય કાર્ય યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહેશે.

તારીખ :–૨૪/૦૯/૨૦૨૦

સ્થળ :–વેરાવળ

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

---

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થી તમામ ડિપ્લોમા અભ્યાસક્રમનું

## પ્રશ્નપત્રનું (પરીક્ષા) પ્રારૂપ (ગુજરાતી તથા અંગ્રેજી)

| યુનિટ | વિગત | ગુણ | કુલ ગુણ |
|---|---|---|---|
| ૧ | (૧) વ્યાખ્યાત્મક/વર્ણનાત્મક કોઈ પણ ત્રણ પ્રશ્નમાંથી બે લખવાનાં | ૫–૫ ગુણનાં બે પ્રશ્ન | ૧૦ |
| | (૨) વ્યાખ્યાત્મક/વર્ણનાત્મક કોઈ પણ બે પ્રશ્નમાંથી એક પ્રશ્ન લખવાનો | ૧૦ ગુણનો એક પ્રશ્ન | ૧૦ |
| ૨ | (૧) વ્યાખ્યાત્મક/વર્ણનાત્મક કોઈ પણ ત્રણ પ્રશ્નમાંથી બે લખવાનાં | ૫–૫ ગુણનાં બે પ્રશ્ન | ૧૦ |
| | (૨) વ્યાખ્યાત્મક/વર્ણનાત્મક કોઈ પણ બે પ્રશ્નમાંથી એક પ્રશ્ન લખવાનો | ૧૦ ગુણનો એક પ્રશ્ન | ૧૦ |
| ૩ | (૧) વ્યાખ્યાત્મક/વર્ણનાત્મક કોઈ પણ ત્રણ પ્રશ્નમાંથી બે લખવાનાં | ૫–૫ ગુણનાં બે પ્રશ્ન | ૧૦ |
| | (૨) વ્યાખ્યાત્મક/વર્ણનાત્મક કોઈ પણ બે પ્રશ્નમાંથી એક પ્રશ્ન લખવાનો | ૧૦ ગુણનો એક પ્રશ્ન | ૧૦ |
| ૧ થી ૩ | ઉપરોક્ત ૧ થી ૩ સંયુક્ત યુનિટમાંથી ૧૫ હેતુલક્ષી પ્રશ્નોમાંથી કોઈ પણ ૧૦ લખવાના | દરેક પ્રશ્નનો ૧ ગુણ | ૧૦ |
| **કુલ ગુણ** | | | ૭૦ |

| Section | Unit | Question No | To be asked | To be attempted | Marks | Total |
|---|---|---|---|---|---|---|
| A | I | 1 | 3(व्याख्यात्मक प्रश्न) | 2 | 5 | 2X5=10 |
| | | 2 | 2(निबन्धात्मक प्रश्न) | 1 | 10 | 1X10=10 |
| B | II | 3 | 3(व्याख्यात्मक प्रश्न) | 2 | 5 | 2X5=10 |
| | | 4 | 2(निबन्धात्मक प्रश्न) | 1 | 10 | 1X10=10 |
| C | III | 5 | 3(व्याख्यात्मक प्रश्न) | 2 | 5 | 2X5=10 |
| | | 6 | 2(निबन्धात्मक प्रश्न) | 1 | 10 | 1X10=10 |
| D | I to III | 7 | 15 (MCQ) | 10 | 1 | 10X1=10 |
| **TOTAL MARKS** | | | | | | **70** |

તારીખ :–૨૪/૦૯/૨૦૨૦
સ્થળ :–વેરાવળ

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## ડિપ્લોમા અભ્યાસક્રમ ફેકલ્ટી
## વર્ષ ૨૦૨૦–૨૧

| ક્રમ | ડિપ્લોમાનું નામ | સમયાવધી | ફેકલ્ટી |
|---|---|---|---|
| 1 | ડિપ્લોમા ઈન યોગ | ૧ વર્ષ | દર્શન |
| 2 | ડિપ્લોમા ઈન મંદિરવ્યવસ્થાપન | ૧ વર્ષ | પુરાણ |
| 3 | ડિપ્લોમા ઈન વાસ્તુશાસ્ત્ર | ૧ વર્ષ | વેદ |
| 4 | ડિપ્લોમા ઈન જ્યોતિષ | ૧ વર્ષ | વેદ |
| 5 | ડિપ્લોમા ઈન કર્મકાંડ | ૧ વર્ષ | વેદ |
| 6 | ડિપ્લોમા વૈદિક ગણિત | ૧ વર્ષ | વેદ |
| 7 | ડિપ્લોમા ઈન સંસ્કૃત ટીચીંગ | ૧ વર્ષ | વ્યાકરણ |
| 8 | પો.એ.ડિ.હિન્દુ સ્ટડીઝ | ૧ વર્ષ | વ્યાકરણ |
| 9 | એ.ડિ.હિન્દુ સ્ટડીઝ | ૧ વર્ષ | વ્યાકરણ |
| 10 | ડિપ્લોમા ઈન સંગીત | ૧ વર્ષ | સાહિત્ય |
| 11 | ડિપ્લોમા ઈન રંગમંચ | ૧ વર્ષ | સાહિત્ય |
| 12 | એડવાન્સ ડિપ્લોમા ઈન રંગમંચ | ૧ વર્ષ | સાહિત્ય |
| 13 | ડિપ્લોમા ઈન વલ્લભ વેદાંત | ૧ વર્ષ | દર્શન |
| 14 | ડિપ્લોમા ઈન લીપી અને પાડુંલીપી વિજ્ઞાન | ૧ વર્ષ | વ્યાકરણ |
| 15 | ડિપ્લોમા ઈન સંસ્કૃત લેંગ્વેઝ | ૧ વર્ષ | વ્યાકરણ |
| 16 | Diploma in the Shirmad Bhagavada-Gita and its Sanskrit Commentaries. | ૧ વર્ષ | દર્શન |

તારીખ :–૨૪/૦૯/૨૦૨૦

સ્થળ :–વેરાવળ

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ

# श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी, वेरावल

## Diploma & Certificate Courses Evaluation Scheme (w.e.f.-2020-21)

### Course Code - 61. Diploma in Yog (DiY)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 611 | 03 | योग विज्ञान | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 612 | 03 | शरीर रचना एवं आरोग्य विज्ञान | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 613 | 03 | प्रायोगिक योग | --- | 12/30 | 28/70 | 40/100 |

### Course Code - 62. Diploma in Temple Management (DiTM)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 621 | 03 | पूजापद्धति | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 622 | 03 | मूर्ति-शिल्पशास्त्र तथा प्रवचनपरंपरा का परिचय | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 623 | 03 | प्रशासन एवं व्यवस्था | 28/70 | 12/30 | --- | 40/100 |

### Course Code - 63. Diploma in Vastushastra (DIV)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 631 | 03 | वास्तुभूमि चयन | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 632 | 03 | भवन स्वरूप विचार | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 633 | 03 | द्वार-गवाक्षादि विचार एवं मुहूर्तविचार | 28/70 | 12/30 | --- | 40/100 |

# श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी, वेरावल

## Diploma & Certificate Courses Evaluation Scheme (w.e.f.-2020-21)

### Course Code - 64. Diploma in Jyotish (DIJ)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 641 | 03 | मुहूर्तप्रवेशिका | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 642 | 03 | जन्मकुण्डलीनिर्माणम् | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 643 | 03 | होराप्रवेशिका | 28/70 | 12/30 | --- | 40/100 |

### Course Code - 65. Diploma in Karmakand (DIK)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 651 | 03 | प्रारम्भिकपूजन एवं स्तुति | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 652 | 03 | संस्कारकर्म एवं शान्तिविधि | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 653 | 03 | उत्तरक्रिया एवं श्राद्धविधि | 28/70 | 12/30 | --- | 40/100 |

### Course Code - 66. Diploma in Vedic Mathemetics (DIVM)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 661 | 03 | Vedic Mathemetics - 1 | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 662 | 03 | Vedic Mathemetics - 2 | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 663 | 03 | Vedic Mathemetics - 3 | 28/70 | 12/30 | --- | 40/100 |

# श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी, वेरावल

## Diploma & Certificate Courses Evaluation Scheme (w.e.f.-2020-21)

### Course Code - 67. Diploma in Sanskrit Teaching (DIST)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 671 | 03 | संस्कृत सम्भाषण-अभियोग्यता | --- | 12/30 | 28/70 | 40/100 |
| Paper - 2 | 672 | 03 | संस्कृतलेखन - अभियोग्यता (Theory) | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 673 | 03 | संस्कृतपाठन - अभियोग्यता (Prac.) | --- | 12/30 | 28/70 | 40/100 |

### Course Code - 68.Diploma in Indian Classical Music (DIICM)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 681 | 03 | DIICM-PAPER-1(Practical) | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 682 | 03 | DIICM-PAPER-2 (Theory) | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper -3 | 683 | 03 | DIICM-PAPER-2 (Theory) | 28/70 | 12/30 | --- | 40/100 |

### Course Code - 69. Post Graduation Diploma in Sanskrit,Gujarati and Hindu Studies (PGDISGH)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 691 | 03 | संस्कृत लेन्वेज् | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 692 | 03 | गुजराती लेन्वेज् | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 693 | 03 | हिन्दू स्टडीज | 28/70 | 12/30 | --- | 40/100 |

### Course Code - 70. Diploma in Sanskrit,Gujarati and Hindu Studies (DISGH)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 701 | 03 | संस्कृत लेन्वेज | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 702 | 03 | गुजराती लेन्वेज् | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 703 | 03 | हिन्दू स्टडीज | 28/70 | 12/30 | --- | 40/100 |

# श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी, वेरावल

## Diploma & Certificate Courses Evaluation Scheme (w.e.f.-2020-21)

### Course Code - 71. Diploma in Sanskrit Theatre (DiSTH)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 711 | 03 | नाट्यपरिचयः + सम्भाषणम् | १४/३५ | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 712 | 03 | आङ्गिकाभिनयः (Th + Prac) | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 713 | 03 | वाचिक-सात्त्विकाभिनयौ (Th + Pra.) | 28/70 | 12/30 | --- | 40/100 |

### Course Code - 72 Advance Diploma in Sanskrit Theatre (ADiSTH)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 721 | 03 | नाट्यसिद्धान्तः + नाट्यमूल्याङ्कनम् | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 722 | 03 | रङ्गशाला-नेपथ्यविधिः + (Pr) आहार्यम् | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 723 | 03 | प्राचीनरूपकप्रयोगरूढिः + अर्वाचीनरूपकप्रयोगरूढिः | 28/70 | 12/30 | --- | 40/100 |

### Course Code - 73 Diploma in Vallbha Vedant (DiVV)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 731 | 3 | शुद्धाद्वैतवेदान्तस्य परिचयः | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 732 | 3 | तत्त्वार्थदिपनिबन्धे शास्त्रार्थप्रकरणम् | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 733 | 3 | षोडशग्रन्थतः प्रमेयरत्नार्णवस्थ नियतांशः | 28/70 | 12/30 | --- | 40/100 |

# श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी, वेरावल

## Diploma & Certificate Courses Evaluation Scheme (w.e.f.-2020-21)

Course Code - 74 Diploma in Lipi & Pandulipi Vugyan (Dil&PV) डिप्लोमा इन पुरालिपि, पाण्डुलिपि-विज्ञान एवं समीक्षित पाठ-सम्पादन की प्रक्रि

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 741 | 3 | भारत की पुरातन लिपियाँ | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 742 | 3 | पाण्डुलिपि-विज्ञान | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 743 | 3 | समीक्षित पाठ-सम्पादन की पद्धतियाँ | 28/70 | 12/30 | --- | 40/100 |

Course Code - 75 Diploma in Sanskrit Language (DiSL)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 751 | 3 | Paper No.-1 | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 752 | 3 | Paper No.-2 | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 753 | 3 | Paper No.-3 | 28/70 | 12/30 | --- | 40/100 |

Course Code - 76 Diploma in the Shrimad Bhagavada-Gita And its Sanskrit Commentaries. (DiSBGSC)

| PAPER | PAPER CODE | CREDITS | SUBJECT NAME | THEORY | INTERNAL | PRACTICAL | TOTAL MARKS |
|---|---|---|---|---|---|---|---|
| Paper - 1 | 751 | 3 | श्रीमद्भगवद्गीता (१-६अध्यायाः) | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 2 | 752 | 3 | श्रीमद्भगवद्गीता (७-१२ अध्यायाः) | 28/70 | 12/30 | --- | 40/100 |
| Paper - 3 | 753 | 3 | श्रीमद्भगवद्गीता (१३-१८ अध्यायाः) | 28/70 | 12/30 | --- | 40/100 |

Date: 24/09/2020

Registrar
Shree Somnath Sanskrit University-Veraval